# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-04-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- **ભાજપના ચુંટણી ઢંઢેરો જાહેર કરતા પક્ષના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સંકલ્પપત્ર યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને ગરીબો વિકસિત રાષ્ટ્રના આ ચાર મજબૂત સ્તંભને સશક્ત બનાવશે એમ જણાવ્યું.**
- **આગામી લોકસભાની ચુંટણી માટે વિવિધ બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો આજથી ઉમેદવારીપત્રો ભરવાનો પ્રારંભ કરશે**
- **લોકસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાને લઇ રાજ્યભરમાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે**
- **પોરબંદર જીલ્લાનાં માધવપુર ઘેડ લોકમેળાનો આગામી 17 એપ્રિલથી આરંભ થશે**
- **હવામાન વિભાગે આજે અને આવતીકાલે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# NEW BJP

ભારતીય જનતા પક્ષે લોકસભાની ચુંટણી માટે ગઇકાલે પોતાનું ઘોષણાપત્ર બહાર પાડયું છે. તેને સંકલ્પપત્ર નામ આપવામાં આવ્યું છે. નવી દિલ્હી સ્થિત ભાજપના મુખ્ય કાર્યાલયમાં આ સંકલ્પપત્ર જારી કરવામાં આવ્યું. તેમાં એક રાષ્ટ્ર એક ચુંટણી, સમાન નાગરીક સંહિતા અને સિંગલ મતદાર યાદીનો વાયદો કરવામાં આવ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પક્ષના અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડા, રાજનાથસિંહ, અમિત શાહ અને નિર્મલા સિતારમનની હાજરીમાં આ સંકલ્પ પત્ર બહાર પાડવામાં આવ્યું. આ સંકલ્પપત્રમાં ભાજપે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ મફતમાં રેશનની સગવડ આવતા પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનું વચન આપ્યું છે. તે ઉપરાંત આયુષ્યમાન ભારત યોજનામાં દેશના બધા વરિષ્ઠ નાગરિકોને સામેલ કરવાનો વાયદો કર્યો છે.

સંકલ્પપત્રમાં ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. પી.એમ. સુર્ય ઘર યોજના હેઠળ વીજળીનું બિલ શૂન્ય કરવાનો પણ વાયદો કરવામાં આવ્યો છે. ભાજપે દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાની સાથે સાથે વૈશ્વિક વિનિર્માણ કેન્દ્ર બનાવવાનો પણ વાયદો કર્યો છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, સંકલ્પપત્ર વિકસિત રાષ્ટ્રના ચાર મજબુત સ્તંભ ગણાતા યુવાનો, મહિલાઓ, ખેડુતો અને ગરીબોને સશકત બનાવશે.

શ્રી મોદીએ કહ્યું કે, આ સંકલ્પપત્ર જીવનની ગરિમા અને જીવનની ગુણવત્તા પર કેન્દ્રિત છે. તેમણે ઉમેર્યુ કે ભાજપે ૭૦ વર્ષથી વધારે વયના વરિષ્ઠ નાગરીકોને તેમજ ટ્રાન્સજેન્ડર સમુદાયને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાનું નકકી કર્યુ છે.

---

-રીપીટ

# CONG- SHAKTISINH GOHIL

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું છે કે, ભાજપનો ચૂંટણી ઢંઢેરો લોકોને ગુમરાહ કરવાનો છે. ગઇકાલે ભારતીય જનતા પક્ષે જાહેર કરેલા ચૂંટણી ઢંઢેરા બાદ પત્રકાર પરિષદમાં શ્રી ગોહિલે કહ્યું હતું કે, દસ વર્ષના શાસનમાં રોજગારી લાવી શક્યા નથી ઉપરાંત મહિલાઓની સુરક્ષા પણ કરી શક્યા નથી.. ઉપરાંત ભાજપ કાળુ ધન પણ પાછું લાવી શક્યુ નથી..

---

-રીપીટ

# BJP CANDIDATE- NOMINATION

આગામી લોકસભાની વિવિધ બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો 15, 16 અને 18મી એપ્રિલે ઉમેદવારીપત્રો ભરશે.

કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા પોરબંદરથી, અમદાવાદ પૂર્વના હસમુખ પટેલ અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ચંદુભાઇ શિહોરા સુરેન્દ્રનગરથી 15મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરશે. કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા રાજકોટથી, સાબરકાંઠાથી શોભનાબેન બારૈયા, ભાવનગરથી નિમુબેન બાંભણિયા, પાટણથી ભરતસિંહ ડાભી, બનાસકાંઠાથી રેખાબેન ચૌધરી, અમદાવાદ પશ્ચિમથી દિનેશ મકવાણા 16મી એપ્રિલે ઉમેદવારી પત્ર ભરશે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ નવસારીથી 18મી એપ્રિલે, જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી 19મી એપ્રિલે ગાંધીનગરથી ઉમેદવારી પત્ર ભરશે.

કોંગ્રેસના બનાસકાંઠાના ઉમેદવાર ગેનીબેન ઠાકોર, સુરેન્દ્રનગરમાં ઋત્વિક મકવાણા, જામનગરમાં જે. પી. મારવીયા અને બારડોલીમાં સિદ્ધાર્થ ચૌધરી આજે ઉમેદવારીપત્ર ભરશે. 16મી એપ્રિલે કચ્છમાં નિતેશ લાલન, ગાંધીનગરમાં સોનલબેન પટેલ, સાબરકાંઠામાં તુષાર ચૌધરી, અમરેલીમાં જેનીબેન ઠુમ્મર, વલસાડમાં અનંત પટેલ, પોરબંદરમાં લલિત વસોયા અને છોટા ઉદેપુરમાં સુખરામ રાઠવા ઉમેદવારીપત્ર ભરશે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, રિદ્ધિ, નવીન

# MATDAR JAGRUTI

લોકસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાને લઇ રાજ્યભરમાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે..

રાજકોટની બહેરા- મૂંગા શાળાના વિદ્યાર્થીઓએ સાઈન લેંગવેજથી મતદાનનું મહત્વ સમજાવ્યું હતું તેમજ લોકોને મતદાન કરવાની અપીલ આપી હતી.

ભરૂચ જિલ્લામાં મતદાન જાગૃતિ સાયકલ રેલી યોજાઇ હતી, ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડથી આ રેલીને મામલતદાર સહિતના અગ્રણીઓ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું...તો ગોલ્ડન પોઈન્ટ જી.આઈ.ડી.સી પાર્ક ખાતે યોગ શિબિરમાં નાગરિકોને મતદાન માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

રાજકોટ, ધોરાજી તથા ઉપલેટા વિધાનસભા વિસ્તારમા બુથ લેવલ ઓફિસર દ્વારા આમંત્રણ પત્રિકા વિતરિત કરાઈ..

મહેસાણામાં કડી નગરપાલિકાની સોસાયટીઓમાં મહિલાઓ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો.

વડોદરાના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સાઇન લેંગ્વેજ અને રંગોળી દ્વારા મતદારોને મતદાન માટે અપીલ કરી હતી. આ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી બીજલ શાહના માર્ગદર્શન હેઠળ રમતગમત સ્પર્ધાના માધ્યમથી મતદાન માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો...

ગીર સોમનાથ ચૂંટણી તંત્ર દ્વારા ચૈત્રી નવરાત્રીની ભક્તિ સાથે નાગરિક શક્તિને જાગૃત કરવાનો પ્રયાસો કરાયો.. વેરાવળ ચોપાટી પાસે આવેલ સ્ટાફ ક્વાર્ટર્સમાં ગરબા સાથે મતદાર જાગૃતિ ફેલાવાઈ હતી.

ખેડાના નવી અરાલ ગામમાં મતદાન જાગૃતિ અંતર્ગત ગામની ડેરીમાં લોકશાહી અવસર ગીતનો વિડિયો રજૂ કરવામાં આવ્યો અને ડેરીમાં હાજર સભ્યોને અને મહિલાઓને મતદાન જાગૃતિ અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી...

. . . . . . . . . . . . .

અપર્ણા ખૂંટ-પીટીસી-મહેસાણા-રાજકોટ-ભરૂચ-મહેસાણા-ગીરસોમનાથ-ખેડા,-સંસ્કૃતિ ભુંડિયા-રિદ્ધિ ઉંધાડ-યશ્વી-નવીન

# AMBEDKAR JANMJAYANTI

બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડોક્ટર બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૩૩મી જન્મજયંતિ રાજ્ય સહિત સમગ્ર દેશમાં ગઇકાલે ઉજવવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત વિધાનસભા પોડિયમમાં તેમના તૈલચિત્ર સમક્ષ પુષ્પાજંલિ અર્પણ કરી હતી. ત્યારબાદ શ્રી પટેલે ગાંધીનગરમાં ડો. આંબેડકરની પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર મેયર, ધારાસભ્ય સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું..

અમરેલી શહેરમાં આંબેડકર સર્કલ પાસે મોટી સંખ્યામાં લોકોએ બાબાસાહેબની પ્રતિમાંને ફૂલહાર કરી  શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામમાં રેલી અને સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

પાટણ શહેરના મોટીસરાય ચોક ખાતે મહિલાઓ દ્વારા  ડો. આંબેડકરની પ્રતિમા નું અનાવરણ કરવામાં આવ્યું. જ્યારે પાટણ શહેરના દેવ ટાઉનશીપ ખાતે નાના બાળકોએ ડોક્ટર બાબા સાહેબના જીવન કવન અંગે સુંદર વક્તવ્ય આપ્યા હતા. પાટણ શહેરના બગવાડા દરવાજા ચોક ખાતે આંબેડકર જયંતિને અનુલક્ષીને રાત્રે ભીમ ડાયરાનું આયોજન કરવામાં આવેલ છે.  બાબા સાહેબ આંબેડકર જન્મજયંતીની સિદ્ધપુર ખાતે પણ ઉજવણી કરવામાં આવી હતી.

ગીર સોમનાથ જિલ્લા ના વેરાવળ મા ટાવર ચોક ખાતે ડૉ બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી, તો વેરાવળ તાલુકાના ભાલપરા કાજલી તેમજ કિંદરવા ગામે થી રેલી કાઢવામાં આવી હતી.

દમણમાં પણ બાબસાહેબની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

રાજકોટ હોસ્પિટલ ચોક ખાતે બાબા સાહેબની પ્રતિમાને કુલહાર અર્પણ કરવા આવતા હતા. સેવાભાવી સંસ્થા દ્વારા લોકો માટે ઠંડી છાસ સરબત અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.

---

-પીટીસી, પાટણ, અમરેલી, ગીર સોમનાથ, દમણ, રાજકોટ, કરણ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# MADHVPUR- GHED NO MELO

પોરબંદર જિલ્લાના માધવપુર- ઘેડ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં માધવપુર લોકમેળાનો શુભારંભ થશે. આગામી 17થી 21 એપ્રિલ દરમિયાન આ લોકમેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પાંચ દિવસ સુધી ચાલનાર આ મેળામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણીના વિવાહ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરાશે. લોકમેળાના સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રારંભે મુખ્ય સચિવ રાજકુમાર અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમાર પણ હાજર રહેશે.

---

-રીપીટ

# WEATHER

હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેન્સની અસરથી આજે અને આવતીકાલે રાજ્યના વિવિધ જીલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. સૌરાષ્ટ્ર- કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવના છે. આ સિવાય મધ્ય ગુજરાતના કેટલાક જીલ્લાઓ સહિત ઉત્તર ગુજરાતના કેટલાક જીલ્લાઓમાં વાદળછાયુ વાતાવરણ રહેશે.

દરમિયાન ગઈકાલે  સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. અમદાવાદમાં પણ ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી અને કેટલાક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રમાં અનેક વિસ્તારમાં વરસાદ ખાબક્યો હતો.

જૂનાગઢના વિસાવદરમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. બોટાદના ગઢડા તાલુકાના ઢસા ગામે ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. દ્વારકા જિલ્લામાં ખંભાળિયા વરસાદ જયારે ભાણવડના  જામપર ગામે ધોધમાર વરસાદ સાથે કરા પડ્યા હતા.

ઉત્તર ગુજરાતના અરવલ્લી જિલ્લાના ભીલોડા સહિત અનેક વિસ્તારમાં કમોસમી વરસાદન ખાબક્યો હતો. સાબરકાંઠાના ઇડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના પંથકમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો.

અમરેલી જિલ્લામાં ધારી ગીરના દલખાણીયા, આંબાગાળા, પાણીયા અને મીઠાપુર સહિત આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદને પગલે ખેડૂતોમાં પાકને લઈને ચિંતા પ્રસરી હતી.

---

-પીટીસી, સાબરકાંઠા, બોટાદ, દ્વારકા, અમરેલી, ડીડી, કરણ -(નવીન)

# yoga training

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગઈકાલે પાટણના આનંદ સરોવર ખાતે યોગ તાલીમ સત્ર યોજાઈ ગયુ.

જેમા ૧૨૫ થી વધુ યોગ સાધકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શિશપાલજી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

આ શિબિરમાં પાટણ નગરપાલિકા પ્રમુખ સહિત યોગ કોચ તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

---

-પીટીસી, પાટણ, કરણ -(નવીન)

# BHAVNAGAR- ACCIDENT

ભાવનગર- અમદાવાદ હાઇવે પર ટ્રક ચાલકે પદયાત્રીઓને અડફેટે લેતાં ચાર યાત્રીઓના મોત નિપજ્યાં છે. અમારા ભાવનગર જીલ્લાના પ્રતિનિધી સુરેશ ત્રિવેદી જણાવે છે કે, સનેસ ગામ નજીક પૂરઝડપે આવી રહેલા ટ્રકના ચાલકે યાત્રાળુઓના સંઘને અડફેટે લીધા હતા, જેમાં ત્રણ યાત્રાળુઓના ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યાં હતા અને એક યાત્રાળુનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. ચારને ઇજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

40 યાત્રાળુઓનો સંઘ ખેડા જીલ્લાના વરસોલા ગામથી ભાવનગર ખોડિયાર મંદિરે દર્શન કરવા જઇ રહ્યો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . . . . .

પીટીસી-ભાવનગર-અજય સર-યશ્રી

# civil-scene donation

અમદાવાદ સિવિલ હોસ્પિટલને એક જ અઠવાડિયામાં બીજું ત્વચા દાન મળ્યું છે.

મીડિયામાં કેમેરામેન તરીકેની ફરજ બજાવતા નિતીન ગાયકવાડના મૃત્યુ બાદ સ્વજનોએ ત્વચા દાનનો સંકલ્પ કર્યો હતો. મૂળ મહારાષ્ટ્રના અને હાલ અમદાવાદ રહેતા નીતિન ગાયકવાડને માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતા સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

હોસ્પિટલમાં સારવાર દરમ્યાન નીતિન ભાઈ મૃત્યુ પામતા પરિવારે અન્યોને મદદરૂપ થવાની ઉમદા ભાવના સાથે ચામડીનુ દાન કર્યું હતું.

આ અંગે સિવિલ સુપરિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષી એ તમામ પરિવારજનોનો આભાર વ્યક્ત કરી લોકોને તેમના સ્વજનોના મૃત્યુ બાદ ત્વચાનુ દાન કરવા આહવાન કર્યું હતું.

--------------------------------------------------------------------

-ડીડી, કરણ -(નવીન)